**આંક : ૧૨**

**શ્રી મહેન્દ્રકુમાર પુંજાલાલ ચાવડા,ન્યાયાધિશ, કામદાર રાજય વીમા અદાલત,સુરત સમક્ષ**
**ઈ.એસ.આઈ. અરજી નંબર : ૨/૨૦૧૬**

**અરજદાર** : મેસર્સ સીએસ સ્પેશ્યાલીટી પ્રા.લી.
પ્લોટ નંબર : ૬૧૦૧/૧૧, જીઆઈડીસી એસ્ટેટ, ફેઝ–૪,
વાપી–૩૯૬૧૯૫.

**વિરૂઘ્ધ**

**સામાવાળા** : ડીરેકટર (ઈન્ચાર્જ)
એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન,
સબ રીજીઓનલ ઓફીસ,
સીવીલ ચાર રસ્તા, રીંગ રોડ,
સુરત

બાબત : **ઈ.એસ.આઈ. અરજી નં.૨/૨૦૧૬ ના કામમાં વચગાળાની અરજી ઉપરનો હુકમ.**

<u>હાજર રહયા</u> : –
અરજદાર તરફે વિઘ્વાન એડવોકેટ શ્રી એ.એસ.પરીખ અને શ્રી જે.એફ.શેખ,
સામાવાળા તરફે વિઘ્વાન એડવોકેટ શ્રી સંજયભાઈ દુધરેજીયા,

**<u>આંક–૨ ની વચગાળાની અરજી ઉપરનો હુકમ</u>**

(૧) આ કામના અરજદારે (કે જેને હવે પછી ''સંસ્થા'' અથવા ''કંપની'' તરીકે સંબોધવામાં આવશે) ઈએસઆઈ એકટ ૧૯૪૮ (કે જેને હવે પછી ''કાયદો'' કહેવાશે) ની કલમ–૭૫ મુજબની હાલની મૂળ અરજી સામાવાળા (કે જેને હવે પછી ''કોર્પોરેશન'' તરીકે સંબોધવામાં આવશે) ની વિરુઘ્ધ દાખલ કરી કંપની પાસે કોર્પોરેશન કોઈ કોન્ટ્રીબ્યુશનની લેણી માંગતા નથી તેવું નકકી કરી જાહેર કરો અને સી–૧૮ ની તા.૫/૨/૧૫ ની નોટીસમાં જણાવેલ રકમ લેવાની રહેતી નથી અને કોર્પોરેશન કે તેના ઓફીસર અથવા નોકરો કે તેમના એજન્ટ રૂા.૮,૮૫,૧૯૨/– ની રીકવરીના કોઈ પગલાં સદર અરજી પડતર હોય તે સમય દરમ્યાન લે / લેવડાવે નહી તેવી દાદ માંગેલ છે તથા તેની સાથે આંક–૨ ની વચગાળાની અરજી કરી કોર્પોરેશને તા.૨૭/૧૧/૧૫ ના હુકમ અનુસાર જે

રૂ.૭,૭૭,૦૫૮/– ની રકમ કંપનીએ ભરેલ છે તે તા.૨૭/૧૧/૧૫ ના હુકમની સામે ૫૦% રકમ સદર અરજીમાં એડજસ્ટ કરી આપીને બાકીની રકમ રૂ.૩,૩૪,૪૬૨/– કંપનીને તાકીદે પરત આપવા હુકમ કરવા તથા સદર અરજીનો નિકાલ ન આવે ત્યાં સુધી સામાવાળા કે તેના એજન્ટો કે અન્ય અધિકારીઓ સી–૧૮ માં માંગ્યા મુજબની કે તે ઉપરાંત અન્ય કોઈ રીકવરી કરે કરાવે નહી તેવી વચગાળાની અરજીમાં દાદ માંગવામાં આવેલ છે.

(૨) અરજદારની અરજીની ટુંકમાં વિગતો જોઈએ તો, અરજદાર કંપની ઉપર દર્શાવેલ સરનામે આવેલ છે તે કંપની એકટ અન્વયે નોંધાયેલ છે. કંપની કેમીકલ્સનું ઉત્પાદન કરે છે. કંપનીનું મોટા ભાગનું વેચાણ એકસપોર્ટ થાય છે. હાલમાં કંપની ફયુઅલ માર્કર કેમીકલ્સ બનાવે છે. અરજદાર કંપની ઈએસઆઈ એકટ અન્વયે ૧૯૯૦ થી કવર્ડ થયેલ છે તેઓનો ઈએસઆઈ કોડ નંબર : ૩૯૦૦૦૧૯૭૯૦૦૦૦૩૦૪ છે. સામાવાળા કોર્પોરેશનના સોશ્યલ સીકયુરીટી ઓફીસરે કંપનીની તા.૧૬ અને ૧૭ ડીસેમ્બર ૨૦૧૪ ના રોજ વીઝીટ કરેલ અને એપ્રિલ–૨૦૧૦ થી માર્ચ–૨૦૧૩ ના રેકર્ડો વેરીફાઈ કરેલા અને ત્યારબાદ સી–૧૮ ની નોટીસ તા.૫/૨/૧૫ ના રોજ ઈસ્યુ કરી કોન્ટ્રીબ્યુશન ફાળો રૂ.૧,૫૫,૫૮,૭૪૪/– તથા ૬.૫ ટકા ટોટલ ઓમીટેડ વેજીસના સોશ્યલ સીકયુરીટી ઓફીસરની નોંધ મુજબ માંગણી કરી નોટીસ આપેલ. આ નોટીસ અન્વયે કોર્પોરેશને પર્સનલ સુનાવણી રાખેલ. કંપનીના જનરલ મેનેજર અને વકર્સ મેનેજર કોર્પોરેશનમાં હાજર રહી માંગ્યા મુજબના દસ્તાવેજો રજુ કરેલા અને રજુઆત કરેલી. કોર્પોરેશને તે દસ્તાવેજો વેરીફીકેશન અને જરુરી ઈન્સ્પેકશન કરેલ. કોર્પોરેશનના સોશ્યલ સીકયુરીટી ઓફીસરે તા.૧૬ અને ૧૭ ડીસેમ્બર ૨૦૧૪ ના રોજ કંપનીમાં વીઝીટ કરેલ તે સબબ બેલેન્સ શીટ પ્રોફીટ અને લોશ એકાઉન્ટ, બુક ઓફ એકાઉન્ટ જે તે સમયની માંગણી કરેલી તે તમામ દસ્તાવેજો રજુ કરવામાં આવેલા તેમ છતાં સોશ્યલ સીકયુરીટી ઓફીસરે કેટલાક દસ્તાવેજોનું લીસ્ટ તૈયાર કરેલ અને તેમાં એપ્રિલ–૨૦૧૦ થી માર્ચ–૨૦૧૧ ના સમયના ઓમીટેડ વેજીસની વિગતો બીલીંગ એડીશન, પ્લાન્ટ એન્ડ મશીનરી અને લેબ ઈકવીપમેન્ટ, ફર્નીચર અને ફીટીંગ્સ, કોન્ટ્રાકટ લેબર ચાર્જીસ, સેલેરી અને વેજીસ, સ્ટાફ વેલ્ફેર એકસપેન્સીસ, મટીરીયલ પ્રોસેસીંગ ચાર્જ રીપેર અને મેઈન્ટેનન્સ, સર્વીસ ચાર્જીસ, પરચુરણ ખર્ચ વિગેરે દર્શાવી કોન્ટ્રીબ્યુશનના થતા ફાળાની રકમ રૂ.૫૧,૧૫,૪૨૪/– એપ્રિલ–૨૦૧૧ થી માર્ચ–૨૦૧૨ નો કાઢેલ અને તે જ હેડ નીચે અન્ય રકમ પણ કાઢેલ તેમજ કોર્પોરેશને કન્ઝમ્શન ઓફ ઈલેકટ્રીક, ફયુઅલ એન્ડ વોટર કન્ઝમ્શન, રોમટીરીયલ્સ કન્ઝમ્શન, ગુડસ પ્રોડકશનના આંકડા

પણ લીધેલ તેમ છતાં તેઓનું માઈન્ડ એપ્લાય કર્યા વિના કોર્પોરેશને તા.૫/૨/૧૫ ના રોજ સી–૧૮ ની એડહોક નોટીસ ઈસ્યુ કરેલ. આ નોટીસ અન્વયે કંપની તરફથી યોગ્ય રજુઆત કરેલ તેમ છતાં કોર્પોરેશને કાયદાની કલમ–૪૫(એ) મુજબ ઉપસ્થિત કરેલ વિવાદ છેલ્લા ૫ વર્ષની ગણતરી કરવાની હોય તેમ છતાં જુલાઈ–૨૦૧૦ થી માર્ચ–૨૦૧૩ ના પીરીયડની ગણતરી કરી તા.૨૮/૭/૧૫ ના રોજ રૂા.૩૧,૦૮,૨૩૧/– ફાળાની રકમની માંગણી કરતો હુકમ કરેલો જે સંપૂર્ણ ગેરકાયદેસર છે અને કાયદાની જોગવાઈ મુજબ ટકી શકે તેમ નથી અને આ હુકમ સામે કંપનીએ કાયદાની કલમ–૪૫ એ મુજબ હુકમ મળતાં રીવ્યુ અરજી રીજીઓનલ ડીરેકટરને કાયદાની કલમ–૪૫ એએ મુજબ રીવ્યુ હુકમની રકમના ૨૫% રકમ રૂા.૭,૭૮,૦૫૮/– ની કોર્પોરેશનમાં જમા કરાવેલ અને તેમાં કંપની તરફે જરુરી દસ્તાવેજો રજુ કરેલ અને રજુઆતો કરેલ તેમ છતાં કોર્પોરેશને કોન્ટ્રીબ્યુશનની રકમ ભરવા રૂા.૮,૮૫,૧૯૨/– નો હુકમ કરેલો અને તેથી આ હુકમ સામે હાલની અરજી કરવામાં આવેલ છે. હકીકતે કોર્પોરેશને તેઓ સમક્ષ કંપનીએ રજુ કરેલા દસ્તાવેજોની ચકાસણી કર્યા વિના કાયદાની કલમ–૪૫ એ મુજબ હુકમ ડેપ્યુટી ડીરેકટરશ્રીએ એકતરફી કોઈ પણ જાતની રજુઆત કરવાની તક આપ્યા વિના કરેલો. કંપનીએ રજુ કરેલા તમામ દસ્તાવેજો ડેપ્યુટી ડીરેકટરશ્રીએ જાતે ચેક કરેલા તેમ છતાં કાયદાની કલમ–૪૫ એ મુજબ ખુબ જ મોટી રકમનો હુકમ કરેલો. જે કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરુધ્ધનો અને બદઈરાદાપૂર્વકનો હુકમ કંપનીએ કાયદાની કલમ–૪૪ મુજબ રાખવા જોઈતા તમામ દસ્તાવેજો મેઈન્ટેન કરેલ હોવા છતાં ડેપ્યુટી ડીરેકટરશ્રીએ તે ધ્યાને લીધેલ નહી તેથી રીજીઓનલ ડીરેકટરશ્રી સમક્ષ રીવ્યુ અરજી કરતા અને જરુરી દસ્તાવેજો રજુ કરતા રીજીઓનલ ડીરેકટરશ્રીએ તે દસ્તાવેજો વેરીફાઈ કરતા ડેપ્યુટી ડીરેકટરે તા.૨૮/૭/૧૭ ના રોજ કરેલ હુકમ સેટેસાઈડ કરી કંપની ઉપર કોન્ટ્રીબ્યુશનના ફાળાની રકમ રૂા.૮,૮૫,૧૯૨/– ની થાય છે તેવો હુકમ કરેલો. આ હુકમ પણ રજુ થયેલ દસ્તાવેજો અને કંપનીની રજુઆત ધ્યાને લીધા વિના કોર્પોરેશને કરેલ હોય તેનાથી નારાજ થઈ હાલની અરજી દાખલ કરેલ છે અને કંપનીએ કાયદાની કલમ–૪૫ એએ મુજબ કુલ ૨૫ ટકાની રકમ રૂા.૭,૭૭,૦૫૮/– ની કોર્પોરેશનમાં જમા કરાવેલ છે અને હાલની અરજીની વિવાદીત રકમ રૂા.૮,૮૫,૧૯૨/– ની છે જયારે કાયદાની જોગવાઈઓ મુજબ અરજી કરવા માટે વિવાદીત રકમના ૫૦ ટકા રકમ ભરવી જરુરી છે. આ કેસમાં કંપનીએ કોર્પોરેશનમાં રૂા.૮,૮૫,૧૯૨/– ની સામે રૂા.૭,૭૭,૦૫૮/– ની રકમ જમા કરાવેલ છે એટલે કે, ૫૦ ટકાથી વધુની રકમ જમા થયેલ છે તેથી ૫૦ ટકા રકમથી વધારે રકમ જમા થયેલ રકમ કુલ

રૂા.૩,૩૪,૪૬૨/– બાકી પરત આપવા હુકમ કરવા તથા સદર અરજીનો નિકાલ ન આવે ત્યાં સુધી કોર્પોરેશનના કોઈ અધિકારી કે એજન્ટ કોઈ પણ જાતની રીકવરી કરે કરાવે નહી તેવી વચગાળાની અરજીમાં માંગણી કરેલ છે.

(૩) આ કામમાં અરજદાર કંપની તરફે આંક–૪ થી કોર્પોરેશનના સોશ્યલ સીકયુરીટી ઓફીસરે તા.૧૬ અને ૧૭ ડીસેમ્બર ૨૦૧૪ ની જે વીઝીટ કરેલ અને જે વીઝીટ નોટ તૈયાર કરેલ ત્યારથી ગણીને અરજદાર કંપની અને કોર્પોરેશન વચ્ચે જે પત્રવ્યવહાર થયા તે તથા કોર્પોરેશને જે હુકમો કર્યા તેની નકલો રજુ કરવામાં આવેલ છે.

(૪) અરજદારની અરજીનો સામાવાળા કોર્પોરેશને આંક–૯ થી વચગાળાની અરજીનો તથા આંક–૧૦ થી તેઓનો લેખીત જવાબ રજુ કરેલો અને તેમાં અરજદાર કંપનીની અરજીની તમામ હકીકતોને નકારી કાઢેલ છે અને જે જણાવે છે તે ટુંકમાં જોઈએ તો, કોર્પોરેશને કરેલ તા.૨૭/૧૧/૧૫ ના રોજ કાયદાની કલમ–૪૫ એએ ના હુકમ મુજબ કંપનીએ ભરવાની થતી ફાળાની રકમ રૂા.૮,૮૫,૧૯૨/– નો હુકમ ખોટા કારણોસર ચેલેન્જ કરેલ છે. કોર્પોરેશનની એપેલેટ ઓથોરીટીએ કંપનીને યોગ્ય, વ્યાજબી અને પુરતી સાંભળવાની તક આપ્યા બાદ અરજદારે કરેલ રજુઆતોને ધ્યાને લીધા બાદ આ હુકમ કરેલ છે તેથી એપેલેટ ઓથોરીટીએ કરેલ હુકમ યોગ્ય, ન્યાયી અને કાયદેસર છે અને તેથી અરજદાર કંપનીની અરજી રદ્દ થવાને પાત્ર છે. અરજદારને કાયદાની કલમ–૪૫ એ અને ત્યારબાદ ૪૫–એએ નો હુકમ કરતાં પહેલા કોર્પોરેશને શો કોઝ નોટીસ આપ્યા બાદ તેઓને સાંભળ્યા બાદ હુકમ કરેલ છે. કોર્પોરેશનના સોશ્યલ સીકયુરીટી ઓફીસરે કંપનીની તા.૧૬–૧૭ ડીસેમ્બર ૨૦૧૪ ના રોજની વીઝીટ કરેલ, કંપનીના રેકર્ડ વેરીફાઈ કરેલ, કંપનીના માલિકે તે વખતે માંગ્યા મુજબના તમામ રેકર્ડ રજુ કરેલ નહી જે રેકર્ડ રજુ થયેલ તેના આધારે સોશ્યલ સીકયુરીટી ઓફીસરે ન ચુકવેલ નાણાંનો રીપોર્ટ કરેલ અને તેના આધારે કંપનીને સી–૧૮ ની તા.૫/૨/૧૫ ના રોજ શો કોઝ નોટીસ એપ્રીલ–૨૦૧૦ થી માર્ચ–૨૦૧૩ ના સમયની રૂા.૧,૫૫,૫૮,૭૪૪/– ની એડહોક નોટીસ આપવામાં આવેલ. આ અંગે કંપનીએ બચાવ કરવા માટે તા.૪/૩/૧૫, તા.૨૩/૩/૧૫ અને તા.૧૩/૪/૧૫ ની મુદતો આપેલ, કંપનીએ તેઓનો બચાવ કંપનીના જનરલ મેનેજર અને વર્કસ મેનેજર ધ્વારા કેટલાક દસ્તાવેજો સાથે રજુ કરેલ. કોર્પોરેશનના ઓથોરાઈઝ ઓફીસરે તે વેરીફાઈ કરેલ અરજદાર તરફે જે દલીલો કરેલ તે ધ્યાને લીધેલ અને ત્યારબાદ તા.૨૮/૬/૧૫ ના રોજ કાયદાની કલમ–૪૫ એ મુજબનો હુકમ કરી રૂા.૩૧,૦૮,૨૩૧/– ફાળાની રકમ ભરવા માટે જણાવેલ. આ

હુકમ સામે કંપનીએ કાયદાની કલમ–૪૫ એએ મુજબ એપેલેટ ઓથોરીટી સમક્ષ જતાં હુકમના ૨૫ ટકા રકમ રૂા.૭,૭૭,૦૫૮/– જમા કરાવી રીવ્યુ અરજી કરેલ અને રીવ્યુ અરજીમાં એપેલેટ ઓથોરીટી સમક્ષ કંપની વકીલ મારફત હાજર થયેલ અને તેઓએ કંપની તરફે રજુઆત કરેલ. બીલ અને વાઉચર કોન્ટ્રાકટરના કામદારોનો ફાળો ભરાયેલ તેની વિગતો ડીલીવરી ચલણો વિગેરે રજુ થતાં તથા કંપનીના વકીલશ્રીની દલીલો સાંભળ્યા બાદ રજુ થયેલ રેકર્ડ વેરીફાઈ કર્યા બાદ એપેલેટ ઓથોરીટીએ કંપનીના વકીલશ્રીની હાજરીમાં કાયદાની કલમ–૪૫ એ નો તા.૨૮/૭/૧૫ નો હુકમ સેટેસાઈડ કરી કાયદાની કલમ–૪૫ એએ મુજબ તા.૨૭/૧૧/૧૫ ના રોજ હુકમ કરી કંપનીએ થતાં ફાળાની રકમ રૂા.૮,૮૫,૧૯૨/– ભરવાની થાય છે તેવો હુકમ કરેલ. કંપનીએ કુલ રૂા.૭,૭૭,૦૫૮/– ની રકમ ભરી દીધેલ છે અને તેથી બાકી રહેલ રકમ રૂા.૧,૦૮,૧૩૪/– ની ભરવાની થાય છે. એપેલેટ ઓથોરીટીએ કાયદાની કલમ–૪૫ એ તા.૨૮/૭/૧૫ ના રોજ કરેલ હુકમમાં રજુ થયેલ દસ્તાવેજોના આધારે કેટલીક માંગણીઓ રદ્દ કરેલ છે અને કેટલીક માંગણીઓના માંગ્યા મુજબના દસ્તાવેજો રજુ ન થતાં તે અંગેના ફાળાની માંગણી કરવામાં આવેલ છે. હકીકતે કંપનીએ કાયદાની કલમ–૪૫ એ અને ૪૫ એએ ની માંગણી કરતા હુકમો અન્વયે યોગ્ય, વ્યાજબી અને પુરતી તકો આપવામાં આવેલ. આ અંગે જે તે રજુઆત કરેલી અને માંગ્યા મુજબના કેટલાક દસ્તાવેજો રજુ કરેલ. કલમ–૪૫ એએ ના હુકમમાં ફાળાની ગણતરી અરજદારની હાજરીમાં કરીને હુકમ પસાર કરેલ છે. જે યોગ્ય, વ્યાજબી અને કાયદેસર છે અને હુકમ કરેલ રકમ કોર્પોરેશનમાં ભરવા માટે જવાબદાર છે અત્યારે રૂા.૭,૭૭,૦૫૮/– ની રકમ ભરેલ છે અને બાકીની રકમ ભરવાની જવાબદારી થાય છે. જો કોર્પોરેશનના કાયદેસરના ફાળાની રકમ રીકવરી કરવા સામે મનાઈ આપવામાં ના આવે તો કંપનીને કોઈ હાર્ડશીપ પડે તેમ નથી. જયારે સામા પક્ષે એટલે કે કોર્પોરેશનનને આ ફાળાની રકમથી રેવન્યુની આવક થશે તેથી કોર્પોરેશને કરેલ હુકમ અને તે અન્વયે કાયદાની કલમ–૪૫ એએ મુજબ ભરાયેલ ૨૫% રકમ કાયદેસરની છે અને તેથી કંપનીનો પાયમાફેસી કેસ નથી પરંતુ કોર્પોરેશનનો કેસ છે અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ કોર્પોરેશનની તરફેણમાં છે. વધુમાં કોર્પોરેશન જણાવે છે કે, કાયદો તે સામાજીક સુરક્ષા આપતો કાયદો છે. આ કાયદા હેઠળ કવર્ડ થયેલ કામદારોને તથા તેના પરીવારજનોની મેડીકલ સારવાર તથા તે ઉપરાંત વિવિધ નાણાંકીય લાભો આ કાયદા હેઠળ આવરી લેવાયેલ છે. કામદારોને માંદગી સબબ અકસ્માત ઈજાઓ થતાં આપવામાં આવે છે અને આ સ્કીમ હેઠળ ફંડ મેળવવું જરુરી છે કે જે માલિક કામદારનો સંયુકત ફાળો ફરજયાતપણે લેવામાં આવે છે.

કાયદાની જોગવાઈ મુજબ આ અંગે કોર્પોરેશનની કાયદાકીય જોગવાઈ થાય છે. આ કાયદામાં જણાવેલ વિવિધ લાભો તેના લાભાર્થીઓને આપવાના હોય છે અને તેથી કોન્ટ્રીબ્યુશનનો થતો ફાળો ભરેલ છે કે કેમ? તથા સ્કીમને સરળ અને સફળતાપૂર્વક ચલાવવા માટે પણ તેમની આવક સતત અને અવરોધ વગર ચાલુ રહે તે જરુરી છે. જો માંગ્યા મુજબનો હુકમ આપવામાં આવે તો કોર્પોરેશનનું જે રીકવરી પ્રોસીડીંગ્સ ચાલે છે તેમાં રુકાવટ આવે અને કોર્પોરેશનની આવકમાં અટકાવ આવે તેથી નાણાંથી પણ ભરપાઈ ન થાય તેવું સ્કીમને અસર થાય અને ખોટા લીટીગેશનો થાય અને તેથી આવા ખર્ચ કામદારોના ફંડ માટે પણ થાય તે પોશાય તેમ નથી અને તેથી અરજદારની વચગાળાની અરજીમાં માંગ્યા મુજબની દાદ મળી શકે તેમ નથી તેથી રદ્દ કરવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૫) આ કામમાં અરજદાર કંપની તરફે તેઓના વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી જે.એફ.શેખ દલીલો કરતાં જણાવે છે કે, અરજદાર કંપની ઈએસઆઈ એકટમાં કવર્ડ થયેલ છે અને કંપની નિયમિત રીતે ઈએસઆઈનો થતો ફાળો ભરતી આવેલ છે તેમ છતાં કોર્પોરેશનના સોશ્યલ સીકયુરીટી ઓફીસરે કંપનીની તા.૧૬-૧૭ ડીસેમ્બર ૨૦૧૪ ના રોજ વીઝીટ કરેલ ત્યારે તેઓએ એપ્રિલ-૧૦ થી માર્ચ-૨૦૧૩ ના માંગ્યા મુજબના તમામ રેકર્ડ રજુ કરેલા તેમ છતાં કોર્પોરેશને તા.૫/૨/૧૫ ના રોજ સી-૧૮ ની એડહોક નોટીસ આપી કુલ રૂા.૧,૫૫,૫૮,૭૪૪/- ની રકમ ફાળાની માંગણી કરેલી. આ માંગણી કરતાં પહેલા કંપનીએ જે સુનાવણીની નોટીસ આપેલ તેમાં કંપનીના જવાબદાર અધિકારી હાજર રહેલ માંગ્યા મુજબના દસ્તાવેજો રજુ કરેલ છે તેમ છતાં તેઓની રજુઆત ધ્યાને લીધા વિના કોર્પોરેશનના ડેપ્યુટી ડીરેકટરશ્રીએ રૂા.૩૧,૦૮,૨૩૧/- ની ફાળાની રકમ ભરવાનો હુકમ તા.૨૮/૭/૧૫ ના રોજ કરતાં કંપનીએ આ હુકમ સામે કાયદાની કલમ-૪૫ એએ મુજબ એપેલેટ ઓથોરીટીમાં રીવ્યુ અરજી કરતાં થયેલ હુકમની ૨૫ ટકા રકમ રૂા.૭,૭૭,૦૫૮/- ની જમા કરાવેલ છે. એપેલેટ ઓથોરીટીએ કંપનીની રજુઆત ધ્યાને લઈને ડેપ્યુટી ડીરેકટરશ્રીએ કાયદાની કલમ-૪૫ એ મુજબનો જે હુકમ કરેલ છે તે રદ્દ કરી ફાળાની થતી કુલ રકમ રૂા.૮,૮૫,૧૯૨/- નો હુકમ કરેલ છે. આ હુકમ પણ કંપનીની રજુઆત જોતાં વધુ પડતો છે અને આ હુકમ સામે કંપનીએ નામ. કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી કરતાં પહેલા કાયદાની જોગવાઈઓ મુજબ ૫૦% રકમ જમા કરાવવી જરુરી છે પરંતુ વિવાદીત રકમ રૂા.૮,૮૫,૧૯૨/- છે અને તેના ૫૦% પ્રમાણે રૂા.૪,૪૫,૫૯૬/- જમા કરાવવી જરુરી છે પરંતુ આ રકમ ઉપરાંતની રૂા.૩,૩૪,૪૬૨/- એટલે કે, કુલ રૂા.૭,૭૭,૦૫૮/- ની રકમ જમા કરાવેલ છે અને વિવાદીત રકમની બાકી રહેતી રકમ રૂા.૧,૦૮,૧૩૪/- છે અને તેથી

કંપનીએ સદર અરજી કરતાં વિવાદીત રકમની ૫૦% ઉપરાંતની રકમ જે કોર્પોરેશનમાં જમા કરાવેલ છે તે કુલ રૂા.૩,૩૪,૪૬૨/– થાય છે. આ રકમ પરત આપવા હુકમ કરવા તથા મૂળ અરજી નિકાલ ન થાય ત્યં સુધી કોર્પોરેશન કે તેના અધિકારીઓ કે એજન્ટો રીકવરી કરે કરાવે નહી તેવો હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૬) સામાવાળા કોર્પોરેશન તરફે દલીલો કરતાં તેઓના વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી એસ.એમ.દુધરેજીયા જણાવે છે કે, કાયદાની કલમ–૪૫ એ ના હુકમ મુજબ રૂા.૩૧,૦૮,૨૩૧/– ની રકમ બાકી ભરવાની થતી હતી પરંતુ આ રકમ અન્વયે કંપનીએ રીજીઓનલ ડીરેકટરશ્રી સમક્ષ રીવ્યુ અરજી કાયદાની કમલ–૪૫ એએ મુજબ કરેલ હોવાથી અને કાયદાની કલમ–૪૫ એએ મુજબની જોગવાઈઓ મુજબ થયેલ હુકમના ૨૫% રકમ કોર્પોરેશનમાં જમા કરાવેથી રીવ્યુ અરજી સાંભળવામાં આવેલ અને તેથી કોર્પોરેશનમાં કંપનીએ જે રૂા.૭,૭૭,૦૫૮/– ની રકમ જમા કરાવેલ છે તે કાયદાની કલમ–૪૫ એએ મુજબ જમા કરાવેલ છે અને તેના આધારે કંપનીની રીવ્યુ અરજીને સાંભળવાની અને બચાવ કરવાની તક આપેલ અને તેમાં કંપની તરફે રજુઆત કરતાં તથા રજુ થયેલ દસ્તાવેજો વેરીફાઈ કરતાં રીવ્યુ ઓથોરીટીએ કંપની પાસે થતા ફાળાની રકમ રૂા.૮,૮૫,૧૯૨/– ની માંગણી કરતો હુકમ કરેલો અને તેથી હકીકતે વિવાદીત રકમ રૂા.૮,૮૫,૧૯૨/– અન્વયે કંપનીએ નામ. કોર્ટમાં અરજી કરેલ છે અને તેથી વિવાદીત રકમના ૫૦% રકમ કંપનીએ નામ. કોર્ટમાં જમા કરાવેથી હાલની અરજી ટેનેબલ થાય. આ રકમ જમા કરાવેલ નથી પરંતુ વિવાદીત રકમ રૂા.૮,૮૫,૧૯૨/– ની છે તેની સામે કંપનીએ કોર્પોરેશનમાં રૂા.૭,૭૭,૦૫૮/– ની રકમ જમા કરાવી દીધેલ હતી અને બાકી રહેલ રૂા.૧,૦૮,૧૩૪/– ની રકમ પણ કંપનીએ રજુ કરેલા દસ્તાવેજો પણ રીવ્યુ ઓથોરીટીએ વેરીફાઈ કર્યા બાદ તથા કંપનીની રજુઆત સાંભળ્યા બાાદ કાયદાની કલમ–૪૫ એએ મુજબ હુકમ કરેલો છે અને તેથી બાકી રકમ પણ કંપનીએ ત્યારબાદ જમા કરાવી દેવી જોઈએ. કંપનીએ હાલમાં જે રકમ તેમના કહેવા મુજબ વધારે જમા કરાવેલ છે તે પરત આપવા માંગણી કરેલ છે પરંતુ આ માંગણી ગ્રાહય રાખી શકાય નહી કારણ કે, મૂળ અરજી ગુણદોષ ઉપર ચલાવવાની બાકી છે. કંપનીએ જે નાણાં જમા કરાવેલ તે કાયદાની કમલ–૪૫ એએ મુજબ જમા કરાવેલ છે અને તેના આધારે તેઓને જે તે વખતે સાંભળીને હુકમોમાં ફેરફાર થયેલ છે અને તેથી કંપનીની વચગાળાની અરજીમાં તથ્ય નથી અને રદ્દ થવાને પાત્ર હોઈ રદ્દ કરવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૭) આ કામમાં કંપની તરફે તેઓના વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી જે.એફ.શેખને તથા કોર્પોરેશન તરફે તેઓના વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી એસ.એમ.દુધરેજીયાની દલીલો સાંભળી તથા કેસમાં રજુ થયેલ તમામ રેકર્ડ વંચાણમાં લીધુ. હવે નકકી એ કરવાનું છે કે,

(૧) કંપનીની આંક–ર ની વચગાળાની અરજીમાં માંગ્યા મુજબની દાદ મંજુર કરવી જોઈએ કે કેમ ?

(ર) શો હુકમ કરવો જોઈએ ?

(૮) ઉપરોકત ઉપસ્થિત થયેલ મુદ્દાઓનો નીચે ચર્ચા કર્યા મુજબ નીચે મુજબનો જવાબ આવે છે.

(૧) અંશત: હકારમાં,

(ર) આખરી હુકમ મુજબ,

(૯) આ અંગે સૌથી પ્રથમ જોઈએ તો, એ હકીકત છે કે, અરજદાર કંપનીની કોર્પોરેશનના સોશ્યલ સીકયુરીટી ઓફીસરે તા.૧૬ અને ૧૭ ડીસેમ્બર, ર૦૧૪ ના રોજ કંપનીની મુલાકાત લીધેલ અને તેઓએ કંપનીના એપ્રિલ–ર૦૧૦ થી માર્ચ–ર૦૧૩ ના દસ્તાવેજોની માંગણી કરેલ હતી તે સબબ કેટલાક દસ્તાવેજો કંપનીએ રજુ કરેલ અને કેટલાક રજુ નહિ કરેલા, અને તેથી કંપનીને કોર્પોરેશને તા.પ/ર/૧પ ના રોજ સી–૧૮ ની એડહોક નોટીસ આપી ફાળાની રકમ રૂા.૧,પપ,પ૮,૭૪૪/– ની માંગણી કરેલી અને આ અંગે કંપનીના માંગ્યા મુજબ વિવિધ દસ્તાવેજો સાથે બચાવ કરવા હાજર રહેવા મુદત આપવામાં આવેલ અને તેના આધારે કંપનીના જનરલ મેનેજર અને વર્કસ મેનેજર ડેપ્યુટી ડીરેકટરશ્રી સમક્ષ કેટલાક દસ્તાવેજો સાથે હાજર રહેલ અને રજુઆતો કરેલ જે રજુઆતોને ધ્યાને ન લઈ ડેપ્યુટી ડીરેકટરે તા.ર૮/૭/૧પ ના રોજ કાયદાની કલમ–૪પ એ મુજબનો હુકમ કરીને જુલાઈ–ર૦૧૦ થી માર્ચ–ર૦૧૩ ના સમય દરમ્યાનમાં ફાળાની થતી કુલ રકમ રૂા.૩૧,૦૮,ર૩૧/– ની માંગણી કરતો હુકમ કરવામાં આવેલ આ હુકમથી નારાજ થઈ કંપનીએ રીજીઓનલ ડીરેકટરશ્રીમાં કાયદાની કલમ–૪પ એએ મુજબ થયેલ હુકમની રપ% રકમ રૂા.૭,૭૭,૦પ૮/– ની કોર્પોરેશનમાં જમા કરાવ્યા બાદ તથા કંપની પાસે રહેલ વિવિધ દસ્તાવેજો ફરીથી રીજીઓનલ ડીરેકટરશ્રી સમક્ષ રજુ કરી રજુઆત કરતાં આ રજુઆતોમાં તથ્ય જણાતા રીજીઓનલ ડીરેકટરશ્રીએ ડેપ્યુટી ડીરેકટરશ્રીનો જે તા.ર૮/૭/૧પ ના રોજ કલમ–૪પ એ નો હુકમ કરેલ તે હુકમમાં ફેરફાર કરી અરજદાર કંપની કુલ રૂા. ૮,૮પ,૧૯ર/– ફાળાની રકમ ભરવાને માટે

જવાબદાર થાય છે તેવું ઠરાવેલ. હવે વિવાદીત રકમ રૂા.૮,૮૫,૧૯૨/– થયેલ છે જ્યારે કંપનીએ કોર્પોરેશનમાં કુલ રકમ રૂા.૭,૭૭,૦૫૮/– ની જમા કરાવેલ છે એટલે કે, હવે બાકી રહેલ રૂા.૧,૦૮,૧૩૪/– ની રકમ કાયદાની જોગવાઈઓ મુજબ ભરવાની બાકી રહે છે. જ્યારે કલમ–૪૫ એએ ના હુકમ મુજબ રૂા.૮,૮૫,૧૯૨/– ની રકમ અન્વયે જ્યારે અરજદાર કંપનીએ મોટા ભાગની રકમ કોર્પોરેશનમાં જમા કરાવી દીધેલ હોય ત્યારે આ રકમ ઉપર કોર્પોરેશન જો કોઈ રીકવરી અંગેના પગલાં લે તો તેથી કંપનીને હાલની અરજી પડતર હોવાથી ઘણુ મોટુ નુકશાન થાય અને અરજી કરવાનો અર્થ રહે નહી. વળી મોટા ભાગની રકમ જમા થઈ ગયેલ છે અને અરજી ચાલે તે સમય દરમ્યાન વિવાદીત રકમની બાકી રહેતી ફાળાની રકમ રૂા.૧,૦૮,૧૩૪/– ની જ બાકી રહે છે અને તેથી જ્યાં સુધી મૂળ હાલની અરજીનો નિકાલ ન થાય ત્યાં સુધી કોર્પોરેશન વિવાદીત રકમ અંગે કોઈ રીકવરીનો હુકમ ન કરે તે પણ યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાય છે. પરંતુ સાથો સાથ એ પણ હકીકત છે કે, અરજદાર કંપનીએ વિવાદીત રકમ રૂા.૮,૮૫,૧૯૨/– ની સામે રૂા.૭,૭૭,૦૫૮/– ની રકમ કોર્પોરેશનમાં જમા કરાવેલ છે અને આ જમા થયેલ રકમ કાયદાની કલમ–૪૫ એ અન્વયેના કુલ રૂા.૩૧,૦૮,૨૩૧/– ની રકમ સામેના હતા અને તે અન્વયે ૨૫% રકમ કંપનીએ કાયદાની કલમ–૪૫ એએ મુજબ રીવ્યુ કરવા માટે રૂા.૭,૭૭,૦૫૮/– ની રકમ જમા કરાવી દીધેલ છે એટલે કે, કોર્પોરેશનમાં જે રકમ જમા થયેલ છે તે કાયદાની કલમ–૪૫ એએ મુજબના હુકમ અન્વયે વિવાદીત રકમ રૂા.૮,૮૫,૧૯૨/– થાય છે. અરજદાર કંપનીનું કહેવું એમ છે કે, જ્યારે વિવાદીત રકમ અન્વયે અરજી દાખલ કરેલ છે અને અરજી દાખલ કરતા વિવાદીત રકમના ૫૦% કરતા ઉપરાંત રકમ કોર્પોરેશનમાં જમા કરાવેલ હોય તેથી ૫૦% ઉપરાંતની રકમ કે જે રૂા.૩,૩૪,૪૬૨/– ની થાય છે તે પરત આપવા માંગણી કરેલ છે પરંતુ રજુ થયેલ હકીકત અને રેકર્ડ જોતાં આ રકમ અરજદારે કોર્પોરેશનમાં કાયદાની કલમ–૪૫ એએ મુજબ રીવ્યુ અરજી દાખલ કરતા પહેલા જમા કરાવવાની હોય છે તે જમા કરાવેલ છે અને તેથી ત્યારબાદ કલમ–૪૫ એ ના હુકમમાં ફેરફાર થતાં વિવાદીત રકમ રૂા.૮,૮૫,૧૯૨/– રહેતા આ રકમના ૫૦% રકમ ભર્યેથી અરજી દાખલ કરવાની જોગવાઈ છે પરંતુ વિવાદીત રકમના રૂા.૭,૭૭,૦૫૮/– જેટલી રકમ કંપનીએ કોર્પોરેશનમાં જમા કરાવેલ છે અને બાકીની રકમ રૂા.૧,૦૮,૧૩૪/– ની રકમ ભરવાની બાકી રહે છે અને તેથી વિવાદીત રકમના ૫૦% ઉપરાંતની રકમ કોર્પોરેશનમાં જમા થયેલ હોય હાલની અરજી અંગે ૫૦% રકમ જમા થઈ ગયેલ ગણાય પરંતુ ૫૦% ઉપરાંતની જે રકમ રૂા.૩,૩૪,૪૬૨/– જમા થયાનું કહે છે તેવી રકમ આ તબકકે

કંપની પરત માંગે તો તેને આપી શકાય નહી કારણ કે, વિવાદીત રકમ રૂા.૮,૮૫,૧૯૨/– ની માંગણી છે. કંપનીએ આ માંગણી ખોટી કે અયોગ્ય છે તે પુરવાર કરવાનું બાકી છે. રૂા.૮,૮૫,૧૯૨/– ની વિવાદીત માંગણી કોર્પોરેશન તરફે રીવ્યુઈંગ ઓથોરીટીએ તેઓ સમક્ષ રજુ થયેલ કંપનીના તમામ દસ્તાવેજો પુરાવાઓની ચકાસણી કર્યા બાદ નકકી કરેલ છે અને તેથી કંપની તરફે જે રૂા.૩,૩૪,૪૬૨/– ની રકમ પરત માંગવાની માંગણી કરેલ છે તે આ તબકકે આપી શકાય નહી. જો અરજી ચાલતા તેમાં કંપની તરફે પુરવાર થશે તો જે તે કાયદેસર થતી રકમ કંપનીએ ભરવાની થશે અને જો તે પુરવાર ન થાય તો કોર્પોરેશન માંગ્યા મુજબની તમામ રકમ મેળવવાને હકકદાર થશે અને તેથી કંપનીને સદર અરજીમાં માંગ્યા મુજબની રૂા.૩,૩૪,૪૬૨/– ની રકમ પરત આપી શકાય નહી. પરંતુ અરજી પડતર છે તે સમય દરમ્યાન વિવાદીત રકમ અન્વયે કોર્પોરેશને કોઈ રીકવરી અંગેની કાર્યવાહી કરે કરાવે નહી તે અટકાવવું પણ જરુરી છે અને તેથી નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

(૧) અરજદાર કંપનીની સદર વચગાળાની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે, અને સદર અરજીનો નિકાલ ન થાય ત્યાં સુધી કોર્પોરેશન વિવાદીત રકમ કે તે ઉપર કોઈ પણ પ્રકારની રીકવરી અંગેના પ્રોસીડીંગ્સ અરજદાર કંપની ઉપર કરે કરાવે નહી તેવો મનાઈ હુકમ આપવાનો હુકમ કરવામાં આવે છે, તેમજ અરજદાર કંપનીએ જે રૂા.૭,૭૭,૦૫૮/– ની રકમ જમા કરાવેલ છે તેમાંથી રૂા.૩,૩૪,૪૬૨/– ની રકમ પરત માંગેલ છે તે પરત આપવાની માંગણી રદ્દ કરવામાં આવે છે.

(૨) આ અરજીની વધુ સુનાવણી તા.૪/૭/૨૦૧૭ ના રોજની રાખવામાં આવે છે.

(૩) આ ચુકાદો ખુલ્લી અદાલતમાં વાંચી સંભાળવી જાહેર કર્યો.

તારીખ : ૧૬/૦૫/૨૦૧૭.
સુરત.

(મહેન્દ્રકુમાર પુંજાલાલ ચાવડા)
ન્યાયાધિશ,
કામદાર રાજય વીમા અદાલત, સુરત.
U.I.Code No. GJ00800

ડીસીઆર, પીએસ,